# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

SGCCI

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/110 Dt. 26/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત પેરેન્ટીંગ પર વર્કશોપ યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરીઝ અંતર્ગત રવિવાર, તા. ૨૪ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે પેરેન્ટીંગ પર વર્કશોપ યોજાયો હતો, જેમાં ડો. સ્વાતિ વિંચુરકર, ડો. દીપા પટેલ અને ડો. કેતન ભરડવાએ વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા સમાજોપયોગી વિવિધ વિષયો પર વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. પેરેન્ટીંગ જેવા વિષય પર નિષ્ણાતો દ્વારા અપાતું માર્ગદર્શન નિશ્ચિતપણે માતા–પિતાને ઉપયોગી સાબિત થાય છે અને તેના થકી સમાજ માટે યોગ્ય નાગરિકનું ઘડતર થશે.

ડો. સ્વાતિ વિંચુરકરે Balanced Parenting અંગે સમજણ આપતા જણાવ્યું હતું કે, આજના સમયમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે માતા–પિતાનું સંતુલિત વર્તન અત્યંત આવશ્યક છે. સંતાન પર અતિશય દબાણ કરવાને બદલે તેમને પ્રોત્સાહિત કરીને તેમની ક્ષમતાઓ બહાર લાવવી જોઈએ.

ડો. દીપા પટેલે Adolescent Parenting અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, કિશોરાવસ્થાના બાળકો સાથે વ્યવહાર કરતા સમયે માતા–પિતાએ વિશેષ સંવેદનશીલતા દાખવવી જરૂરી છે. આ ઉંમરે બાળકોમાં શારીરિક તથા માનસિક પરિવર્તનો ઝડપી ગતિએ થતા હોવાથી તેમને સમજવા, યોગ્ય માર્ગદર્શન આપવા અને મિત્રતાપૂર્ણ વાતાવરણ પૂરું પાડવું આવશ્યક છે.

ડો. કેતન ભરડવાએ Media Literacy & Food Literacy અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આજના સમયમાં બાળકો મીડિયા દ્વારા ઘણી માહિતી મેળવતા હોય છે, પરંતુ તેનો યોગ્ય ઉપયોગ કરવાની સમજ જરૂરી છે. માતા–પિતાએ બાળકોને સાચા–ખોટા માહિતી સ્ત્રોત વચ્ચે તફાવત સમજાવવા સાથે તેમને સંતુલિત અને પૌષ્ટિક આહાર પ્રત્યે પ્રોત્સાહિત કરવું જોઈએ. ખોરાકની આદતો અને મીડિયાના પ્રભાવનો તેમના શારીરિક તથા માનસિક વિકાસ પર સીધો અસરકારક પ્રભાવ પડે છે.

ચેમ્બરની પબ્લીક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કમિટીના કો–ચેરમેન ડો. રાજન દેસાઇએ વર્કશોપનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. આ વર્કશોપમાં હાજર રહેલા વાલીઓએ પ્રશ્નોત્તરી દ્વારા નિષ્ણાતો પાસેથી પોતાની શંકાઓનું નિરાકરણ મેળવ્યું હતું.